

**મહારાણા પ્રતાપની મહાનતા**

વાત એ દિવસોની છે કે જ્યારે ભામાશાહની સહાયતાથી રાણા પ્રતાપ ફરીથી સેના એકત્ર કરીને મોગલોના છક્કા છોડાવતા ડુંગરપુર, બાંસવાડા વગેરે સ્થળોએ પોતાનો અધિકાર જમાવતા હતા.

એક દિવસ રાણા પ્રતાપ અસ્વસ્થ હતા. એમને તીવ્ર તાવ હતો અને યુદ્ધનું નેતૃત્વ એમના સુપુત્ર કુંવર અમરસિંહ કરતા હતા. એમનું યુદ્ધ અબ્દુર્રહીમ ખાનખાનાની સેના સાથે થયું. ખાનખાના અને એમની સેના પ્રાણ બચાવીને ભાગી થઈ. અમરસિંહે મહિલાઓ તથા બચેલા સૈનિકોને ત્યાં જ કેદ કરી લીધાં. જ્યારે આ સમાચાર મહારાણાને મળ્યા તો તેઓ અત્યંત ક્રોધિત થયા અને બોલ્યા : “કોઈ સ્ત્રી પર રાજપૂત હાથ ઉઠાવે એ હું સહન કરી શકતો નથી. એ અમારા માટે ડૂબી મરવાની વાત છે.” તેઓ તીવ્ર જ્વર (તાવ)માં જ જ્યાં ખાનખાનાના કુટુંબની મહિલાઓ યુદ્ધભૂમિમાં કેદ હતી ત્યાં પહોંચી ગયા.

રાણા પ્રતાપ ખાનખાનાની બેગમને વિનીત સ્વરમાં બોલ્યા : “ખાનખાના મારા મોટા ભાઈ સમાન છે. એમના સંબંધે તમે મારી ભાભીઓ સમાન છો. જો કે આ મસ્તક આજ સુધી કોઈ વ્યક્તિ સામે ઝૂક્યું નથી પરંતુ મારા પુત્ર અમરસિંહે તમને કેદ કરી લીધાં અને એના એ

વ્યવહારથી તમને જે કષ્ટ થયું એના માટે હું માફી માગું છું અને તમને બધાને સન્માન સહિત મોગલ છાવણીમાં પહોંચાડવાનું વચન આપું છું."

ત્યાં હતાશ–નિરાશ ખાનખાના જ્યારે અકબર પાસે પહોંચ્યા ત્યારે એણે વ્યંગભરી વાણીમાં એમનું સ્વાગત કર્યું : "જનાનખાનાને યુદ્ધ ભૂમિમાં છોડીને તમે લોકો પ્રાણ બચાવીને અહીં સુધી કુશળતાથી પહોંચી ગયા ?"

ખાનખાના મસ્તક નીચું કરીને બોલ્યા : "જહાંપનાહ ! તમે ભલે ગમે એટલો શરમિંદો કરો પરંતુ રાણા પ્રતાપના રહેતાં ત્યાં મહિલાઓને કોઈ ભય નથી." એટલામાં ખાનખાનાના કુટુંબની મહિલાઓ કુશળતાપૂર્વક ત્યાં પહોંચી ગઈ.

આ દૃશ્ય જોઈ અકબર ગંભીર સ્વરમાં ખાનખાનાને કહેવા લાગ્યો : "રાણા પ્રતાપે તમારી પુત્રવધૂને આમ સસન્માન પહોંચાડીને તમારી જ નહિ, આખા મોગલ ખાનદાનની ઈજ્જતને સન્માન આપ્યું છે. રાણા પ્રતાપની મહાનતા આગળ મારું મસ્તક ઝૂકી રહ્યું છે. રાણા પ્રતાપ જેવા ઉદાર યોદ્ધાને કોઈ ગુલામ બનાવી ન શકે."

**સૌજન્ય – આપણા આદર્શ**